Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# ગાંધીવિચાર આધારિત ગ્રામવિકાસ : રચનાત્મક સંસ્થાઓના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ (ગુજરાત રાજ્યના સંદર્ભે અભ્યાસ)

**મોહંમદસઈદભાઈ અબ્દુલહકિમ કુરેશી**
પીએચ.ડી, અર્થશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
અને
મદદનીશ અધ્યાપક, ડૉ. એપીજે અબ્દુલકલામ સરકારી કોલેજ, સેલવાસ.

***ટૂંકસાર:*** *વર્તમાનમાં રાજ્યની શહેરીકરણની નીતિથી સ્થળાંતર, બેકારી, ગરીબી, ભૂખમરો, ઝુંપડપટ્ટી, માળખાકીય પ્રશ્નો જેવા આર્થિક અને સ્વાસ્થ્ય, શિક્ષણ, બળાત્કાર, જાતિય શોષણ, કોમવાદ, જાતિવાદ, આંતકવાદ જેવા સામાજિક પ્રશ્નો તેમજ પ્રદુષણ, કુદરતી સંસાધનોનું ખન્ન, હવામાનમાં બદલાવ અને ઝેરી વાયુના પ્રમાણમાં વધારો જેવા પર્યાવરણીય પ્રશ્નો સર્જાયા છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ માર્ગ અંગે વિચારવિમર્શ કરતા એક માર્ગ ગાંધીવિચાર ધ્યાને આવે છે. ગાંધીએ વિશ્વને અહિંસા અને સત્યના માર્ગે ગ્રામવિકાસના પાયાના કેટલાક ખ્યાલ રજૂ કર્યા જેને રચનાત્મક કાર્યક્રમોના નામે ઓળખવામાં આવે છે. વર્તમાનમાં ઘણા કાર્યકરોએ આ રચનાત્મક કાર્યક્રમોને જમીન પર સાર્થક કરી બતાવ્યા છે. અત્રે અભ્યાસમાં આ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યો છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *ગાંધીવિચાર, રચનાત્મક કાર્યક્રમો, ગ્રામીણ સમસ્યાઓ, ગ્રામવિકાસ*

## 1. પ્રસ્તાવના

વ્યક્તિ, રાજ્ય અને રાષ્ટ્ર પોતાનો વિકાસ કઇ રીતે થાય તે બાબતે વધુ વિચારશીલ થયો છે, અને વિકાસની ધારાને વેગ આપવા સારૂ આયોજન કરી રહ્યો છે. પ્રવર્તમાન સમયે વિકાસની આર્થિક વિચારધારામાં આવકવૃદ્ધિથી પર આવીને વાસ્તવિકતાને ધ્યાને લઇ રજૂઆત થઇ રહી છે. રાજ્ય પણ શહેરીવિકાસની સાથે સાથે ગ્રામવિકાસ પર ભાર આપવા લાગ્યો છે, અને વિવિધ કાર્યક્રમો હાથ ધરતો થયો છે. તેનાથી વિરુદ્ધમાં અપાકર્ષક**(Push)** અને આકર્ષક**(Pull)** પરિબળોના કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરી વિસ્તારો તરફ વસ્તીનું સ્થળાંતર વધ્યું છે, જેના કારણે આર્થિક, સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓ ઉભી થઇ છે. પરિણામે ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં વસ્તીનું સંતુલન જાળવવા, સંપોષિત વિકાસ સાધવા, કુદરતી અને સાંસ્કૃતિક વારસાના જતન માટે કોઇ ચોક્કસ વિકલ્પ શોધવો અનિવાર્ય છે. આવા સમયે ગાંધીના આર્થિક વિચારો પર ડોકિયુ કરવું અનિવાર્ય છે. વિકાસની સાથે સાથે ગ્રામીણ પ્રશ્નોનું નિરાકરણ આવે અને સંપોષિત ગ્રામવિકાસ થાય તે જરૂરી છે જેથી કરી વસ્તીનું સ્થળાંતર ઘટે અને સંભવિત પડકારોનું વર્તમાનમાં નિરાકરણ આવી શકે તેમજ સંપોષિત વિકાસ સાધી શકાય.

### 1.1 ગ્રામીણ વિસ્તાર

સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તાર એટલે ગામડાં કે ખેતીવાડી કે ખેતીવાડીને લગતું એમ કહી શકાય, પણ ગ્રામવિસ્તારની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે જે વાત વસ્તીગણતરી વિભાગે પણ સ્વીકારી છે તેમ છતાં સમજૂતી આપવાનો પ્રયાસ કર્યો છે. જે નીચે મુજબ છે.

"ગામ કે કસબો એ મૂળે તો રહેવાની જગ્યા ગણાય છે. વિશ્વભરમાં વસ્તીગણતરીમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારના ભેદનો સ્વીકાર થયો છે અને ગ્રામીણ અને શહેરી વિસ્તારને લગતા આંકડા જુદા જુદા પ્રસિદ્ધ થાય છે. આમ, છતાં ગ્રામીણ અને શહેરી વિસ્તાર વચ્ચેનો તફાવત એટલો સગવડભર્યો નથી જેથી કરીને સર્વે દેશોને લાગુ પાડી શકાય તેવી વ્યાખ્યા કરી શકાય."**(શાહ,1988)**

ભારતીય બંધારણની કલમ 243ના ખંડ(જી)માં ગામની વ્યાખ્યા આ મુજબ આપેલી છે: " ગામ એટલે આ ભાગના હેતુ માટે રાજ્યપાલે જાહેર અધિસૂચનાથી નિર્દિષ્ટ કરેલ ગામ અને તેમાં તદઅનુસાર નિર્દિષ્ટ કરેલાં ગામોના સમૂહનો સમાવેશ થાય છે." ગામની

વ્યાખ્યામાં કોઈ એક મહેસૂલી ગામ કે ગામના ભાગ, પેટા-પરા અથવા મુવાડા અથવા એકથી વધારે ગામોના સમૂહનો સમાવેશ થઈ શકે તે માટે જે વિસ્તારની ગ્રામપંચાયત રચવાની હોય તે વિસ્તારની છેલ્લી વસ્તીગણતરી મુજબ 15000 કરતાં વધુ હોવી જોઇએ નહિ અને તેને ગામ તરીકે જાહેર કરવાની રાજ્યપાલને ભલામણ કરવાની જોગવાઇ પેટા કલમ-૧માં છે. **(પંચાયતધારો, 1993)**

### 1.2 ગ્રામીણ સમસ્યાઓ

ગ્રામીણ સમસ્યાઓને મુખ્યત્વે આર્થિક, માળખાકીય, સામાજિક અને પર્યાવરણીય સમસ્યાઓનાં સંદર્ભે વિભાજિત કરી શકાય જે નીચે મુજબ છે.

**સારણી-1 ગ્રામીણ સમસ્યાઓ**

| અ. આર્થિક સમસ્યાઓ | બ. સામાજિક સમસ્યાઓ | ક. માળખાકીય પ્રશ્નો | ડ. પર્યાવરણીય સમસ્યાઓ |
|---|---|---|---|
| • મૂડીરોકાણને લગતી સમસ્યાઓ<br>• બિન કૃષિક્ષેત્રે તાલીમ અને સહાયનો અભાવ | • શિક્ષણની સમસ્યા<br>• આરોગ્યની સમસ્યા<br>• દારૂનું સેવન અને વ્યસન<br>• જમીનવિષયક ઝઘડા<br>• જ્ઞાતિવાદ અને કોમવાદ<br>• આંતકવાદ | • વાહનવ્યવહારનો પ્રશ્ન<br>• સંદેશાવ્યહારનો પ્રશ્ન<br>• પીવાના પાણીની સમસ્યા<br>• ગટરવ્યવસ્થાનો અભાવ<br>• બેન્કિગ<br>• વીમાનો અભાવ<br>• પાક વેચાણ વ્યવસ્થાનો અભાવ<br>• પાક સંગ્રહ વ્યવસ્થાનો અભાવ | • કુદરતી આપત્તિ<br>• જંગલોનું નિકંદન<br>• પ્રદૂષણ |

### 1.3 ગ્રામવિકાસનો અર્થ

વિકાસ એટલે નક્કી કરેલી દિશામાં થતાં એવા પારિમાણિક અને ગુણવત્તાલક્ષી ફેરફાર કે જે વિધેયાત્મક હોય. જ્યારે ગ્રામવિકાસ એટલે ગ્રામવિસ્તારના વિવિધ ક્ષેત્રોમાં થતાં કેટલાક વિધેયાત્મક ફેરફારો. ગ્રામવિકાસ માનવજીવન અને પ્રવૃતિના વિવિધ પાસાંઓને આવરી લે છે. આ પાસાંઓને મુખ્યત્વે ચાર વિભાગમાં વહેચી શકાય : (૧) સામાજિક, (૨)આર્થિક, (૩) યંત્રવૈજ્ઞાનિક, (૪) કુદરત. આ તમામ પાસાંઓનો સુસંકલિત અને સમતુલિત વિકાસ એટલે ગ્રામવિકાસ. **(શાસ્ત્રી, 1983)**

જેમને સહાયની સૌથી વધુ જરૂર છે એવા વિશાળ લોકસમુદાયને મદદરૂપ થવું હોય તો વિકાસની વ્યૂહરચનામાં ગ્રામવિકાસને સૌથી વિશેષ મહત્વ આપવું જોઈએ.**(વિશ્વ બેન્ક, 1975)**

ભારતના વિકાસની કોઈપણ સાર્થક વ્યૂહરચનામાં સુગ્રથિત ગ્રામવિકાસ એ વિકાસના પ્રયત્નોનું કેન્દ્રિત બિન્દુ બનવું જોઈએ. **(મિન્હાસ, 1975)**

ગ્રામવિકાસ એટલે ગ્રામીણ વિસ્તારમાં રહેતા નીચી આવક વાળી વસ્તીના જીવનધોરણમાં સુધારો લાવવો અને સ્વાવલંબી બનાવવાની પ્રકિયા. **(લેલિની, 2005)**

### 1.4 ગાંધીવિચાર આધારિત ગ્રામવિકાસ

ગાંધીવિચારના અંગેઅંગમાં ગામ સમાયેલ છે એ વાત ગાંધીના લખાણોના વાંચનમાં પ્રથમ દ્રષ્ટિએ જ જોઈ શકાય. ‘*સત્યનાં પ્રયોગ*’ માં ફિનિક્સ અને ચંપારણ આશ્રમના પ્રસંગોમાં ગ્રામવિકાસની બાબતને એક રચનાત્મક પ્રયોગની દ્રષ્ટિએ પણ જોઈ શકાય. ગાંધીનો ગ્રામ સ્વરાજનો ખ્યાલ એવો છે કે “ દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. પોતાના જીવનની અત્યંત મહત્વની જરૂરીયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના

પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય હશે તે બધાં કાર્યોમાં પાડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે.(**હરિજન બંધુ, 2-8-1942, પૃ.236)**

**ગાંધીના સ્વપ્નનું આદર્શ ગામડું**

ગ્રામસ્વરાજની બાબતે ગાંધી જણાવે છે કે ગામડાંનો નાશ થાય તો હિંદુસ્તાનનો પણ નાશ થશે પછી એ હિંદુસ્તાન નહિ રહે. જગતમાં એનું જે વિશિષ્ટ કાર્ય છે તે લુપ્ત થઈ જશે." **(પ્રભુ, 1963)** '*મારા સ્વપ્ન ભારત*'માં ગાંધી ગ્રામસ્વરાજની રજૂઆત કરતા જણાવે છે કે "ભારતવર્ષના આદર્શ ગામડાની રચના એવી હશે કે સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની અનુકૂળ રહે. તેમાં પૂરતા હવાઅજવાળાવાળી ઝુંપડીઓ હશે ને તે આસપાસના પાંચ માઇલના ઘેરાવામાંથી મળતી સાધન-સામગ્રીથી બનેલી હશે, ઝુંપડીઓને વાડા રાખેલ હશે જેથી તેમાં વસનારા માણસો તેમના ઘરના ઉપયોગ પૂરતા શાકભાજી ઉગાડી શકે ને ઢોર રાખી શકે. ગામડાના રસ્તા ને શેરીઓ જેટલાં ધૂળ વિનાના બનાવી શકાય તેટલાં બનાવાશે, ગામમાં ગામની જરૂરિયાત પૂરતા કૂવા હશે ને તેનાથી પાણી ભરવાની સૌને છૂટ હશે. સૌને માટે ઉપાસના સ્થાનો હશે, એક સાર્વજનિક સભાસ્થાન હશે, ઢોરને ચારવા માટે ગોચર હશે, સહકારી પદ્ધતિએ ચાલતું દુગ્ધાલય, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક ને માધ્યમિક શાળાઓ, અને ઝઘડા પતાવવા માટે પંચાયતો હશે. ગામડું પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી ને ફળ પકવી લેશે, ને પોતાના વપરાશ પૂરતી ખાદી પેદા કરી લેશે. આદર્શ ગામડા વિશેની મારી કલ્પનાની આ રૂપરેખા છે." **(હરિજન બંધુ, 31/01/1937, પૃ.375)**

આમ, ઉપરોક્ત રજૂઆત ગાંધીની કલ્પનાનું જે ગામડું આલેખવામાં આવેલ છે, તેને આર્થિક, સામાજિક અને માળખાકીય પાસાંઓમાં આ પ્રમાણે વિભાજિત કરી શકાય.

**સારણી-2 ગાંધીવિચારમાં ગ્રામવિકાસની આર્થિક, સામાજિક અને માળખાકીય બાબતો**

| અ. આર્થિક બાબતો | બ. સામાજિક બાબતો | ક. માળખાકીય બાબતો |
|---|---|---|
| • પાયાની જરૂરીયાતમાં સ્વાવલંબન<br>• આર્થિક જીવનમાં સ્વદેશીની ભાવના<br>• વ્યવસાયમાં ખેતી, ખાદી, ગૃહઉદ્યોગ, સહકારી ધોરણે પશુપાલન<br>• પૂર્ણ રોજગારી<br>• વિકેન્દ્રીકરણ<br>• વાલીપણાનો ખ્યાલ<br>• જાતમહેનત<br>• યંત્રોનો વિરોધ<br>• અપરિગ્રહ અને ગરીબી નિવારણ<br>• આર્થિક સમાનતા<br>• અહિંસક અર્થવ્યવસ્થા | • શિક્ષણ<br>• આરોગ્ય<br>• સ્વચ્છતા અને અસ્પૃશ્યતા નિવારણ<br>• ધર્મો પ્રત્યે તટસ્થ<br>• સત્યાગ્રહ | • વાહનવ્યવહાર<br>• સંદેશાવ્યવહાર<br>• પાણીની સુવિધા<br>• બેન્કિગ<br>• સિંચાઈની સુવિધા<br>• વીજળી<br>• આવાસ અને શૌચાલય |

## 2. સાહિત્ય સમીક્ષા

ગાંધીવિચારનો અર્થશાસ્ત્ર સાથે શું સંબંધ તે માટે એક આકૃતિનું નિર્માણ એમ.ફીલના લઘુશોધ નિબંધમાં કર્યુ હતું. પાછળથી http://kcgjournal.org/kcg/social-science-issue-26માં "ગાંધીના આર્થિક વિચારોના પ્રેરણામૂર્તિ અને વિચારકો"માં પ્રકાશિત થયેલ છે જેમાં ગાંધીના આર્થિક વિચારો અને વિચારકોની પણ માહિતી આપવામાં આવેલ છે.


**ગાંધીના આર્થિક વિચારનો અર્થશાસ્ત્ર સાથે સંબંધ**

ગાંધી જણાવે છે કે, સત્ય અને અહિંસાનો ખ્યાલ તો આદિકાળથી ચાલતો

આવ્યો છે. અર્થશાસ્ત્ર ઉત્પાદન, વહેંચણી અને વપરાશ આ ત્રણ પાયાના સિદ્ધાંતો પર રચાયેલ છે. ગાંધીએ જે આર્થિક વિચારો રજૂ કર્યા તેને કોઈ સૈદ્ધાંતિકરૂપે નહીં પણ ખ્યાલના સ્વરૂપે રજૂ કરેલ છે. ગાંધીના જુદા જુદા આર્થિક વિચારોને ઉત્પાદન, વહેંચણી અને વપરાશના પાયામાં વિભાજિત કરવામાં આવતા નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ચિત્ર ઊભું થાય. ગાંધીનો પૂર્ણ રોજગારી, યંત્રોની મર્યાદા, ખાદી અને ગ્રામોદ્યોગ અને જાતમહેનતનો વિચાર ઉત્પાદનના ખ્યાલ સાથે સંબંધ ધરાવે છે. આર્થિક સમાનતા વહેંચણીના ખ્યાલ સાથે અને જરૂરીયાતો પર અંકુશ એ વપરાશના ખ્યાલ સાથે સંબંધ ધરાવે છે. તેમજ વિકેન્દ્રીકરણ, અહિંસક અર્થવ્યવસ્થા અને વાલીપણાનો ખ્યાલ આ વિચારોનો ત્રણેય આર્થિક પાયા સાથે સંબંધ ધરાવે છે. જ્યારે નૈતિકતાને આ દરેકની ઉપર હોય એવું દર્શાવવામાં આવ્યું છે. આમ, અહીં ગાંધીનો ક્યો આર્થિક વિચાર અર્થશાસ્ત્રના પાયાના ક્યા સિદ્ધાંત સાથે સંબંધ ધરાવે છે તે અત્રે દર્શાવવામાં આવ્યું છે સાથે સાથે ગાંધીનો આર્થિક પાયો નૈતિકતા પર રચાયેલ છે તેની પણ સમજુતી અપાયેલ છે. આ ગાંધીના આર્થિક વિચારોની રજૂઆત આકૃતિમાં નીચે મુજબ છે.

**આકૃતિ-1**

**ગાંધીવિચાર અને અર્થશાસ્ત્ર વચ્ચેનો સંબંધ દર્શાવતી આકૃતિ**





આમ, ઉક્ત સમજૂતી અને આકૃત્તિ પરથી તારવી શકાય કે ગાંધીના આર્થિક વિચારો પણ અર્થશાસ્ત્રની ઉત્પદાન, વપરાશ અને વહેચણીના ખ્યાલથી સંબંધ ધરાવે છે

**3. ગાંધીવિચાર આધારિત સંપોષિત ગ્રામવિકાસ (સમસ્યા કથન)**

વર્તમાનમાં રાજ્યની શહેરીકરણની નીતિથી સ્થળાંતર, બેકારી, ગરીબી, ભૂખમરો, ઝૂંપડપટ્ટી, માળખાકીય પ્રશ્નો જેવા આર્થિક અને સ્વાસ્થ્ય, શિક્ષણ, બળાત્કાર, જાતીય શોષણ, કોમવાદ, જાતિવાદ, આંતકવાદ જેવા સામાજિક પ્રશ્નો તેમજ પ્રદુષણ, કુદરતી સંસાધનોનું ખનન, હવામાનમાં બદલાવ અને ઝેરી વાયુના પ્રમાણમાં વધારો જેવા પર્યાવરણીય પ્રશ્નો સર્જાયા છે. આ પ્રશ્નોના મુદ્દે સમગ્ર વિશ્વ એક મંચ પર આવી સંપોષિત

વિકાસની વિચારધારા વિકસાવી. વર્ષો અગાઉ ગાંધીએ આર્થિક સમસ્યાઓના નિરાકરણ માટે કુદરત અને માનવને કેન્દ્રમાં રાખી પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ વર્તમાન આર્થિક પ્રવાહ અને ગાંધી વિચારધારાના સંપોષિત વિકાસ તરફ જવાના વલણને નીચેની આકૃતિના આધારે સમજાવી શકાય.

**આકૃતિ- 2 સપોષિત ગ્રામવિકાસનું વ્યૂહચક્ર**




આર્થિક સમસ્યાઓના નિરાકરણ માટેનાં બે માર્ગ આકૃતિમાં દર્શાવવામાં આવેલ છે જેમાં પહેલો માર્ગ **a -b1- c- d-e** નો મુખ્ય આર્થિક વિચારધારાનો છે જ્યારે બીજો માર્ગ **a-b2-e** એ ગાંધીવિચારધારાનો છે.

તત્કાલીન માનવી ગ્રામીણ જીવન પર આધાર રાખતો પણ ગ્રામીણ સમસ્યાઓ જેવી કે ખેતીક્ષેત્રે નીચું ઉત્પાદન, ઓછી આવક, અસરકારક માંગનો અભાવ, બેકારી, ગરીબી, નીચાં જીવનધોરણના કારણે તે શહેરો તરફ વળ્યો જ્યાં ટૂંકાગાળે તેને રોજગારી, આવક અને જરૂરી સગવડ મળે છે જેથી તેનાં જીવનધોરણમાં સુધારો થાય છે. ભારતમાં હાલમાં જે સ્થિતિ જોવા મળે છે તે પ્રમાણે પર્યાવરણીય સંતુલન ખોરવવાના કારણે દર વર્ષે અવનવી કુદરતી હોનારત બનતી હોવાથી દેશની વિકટ પ્રશ્નોનો સામનો કરવો પડે છે.

આ પ્રશ્નો માત્ર ભારતમાં નહીં પણ સમગ્ર વિશ્વ સમક્ષ ઉભેલા છે. માટે સપ્ટેમ્બર ૨૦૧૫માં સંયુક્ત રાષ્ટ્ર સંગઠનની યોજાયેલ ઐતિહાસિક મહાસભામાં ૧૯૩ સભ્ય દેશોએ ભેગા મળી સંપોષિત વિકાસના લક્ષ્યાંકો પર ભાર મુકેલ છે. જેમાં ૧૭ મુખ્ય લક્ષ્યાંકો અને ૧૬૯ પેટા લક્ષ્યાંકોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે Transforming our world: the 2030 Agenda for Sustainable Developmentનો એક ભાગ છે જે ૧લી જાન્યુઆરી ૨૦૧૬થી અમલમાં આવી ચૂક્યો છે. જેમાં "ગરીબી નાબૂદી, શૂન્ય ભૂખમરાનો આંક, સારું અને સુખાકારી આરોગ્ય, ગુણવત્તાયુક્ત શિક્ષણ, જાતિ સમાનતા, સ્વચ્છ પાણી અને સ્વચ્છતા, પોષણક્ષમ અને સ્વચ્છ ઊર્જા, નબળું કામ અને આર્થિક વિકાસ, ઉદ્યોગ, નવીનતા અને આંતરમાળખુ, અસમાનતામાં ઘટાડો, ટકાઉ શહેરો અને સમુદાયો, જવાબદાર વપરાશ અને ઉત્પાદન, ક્લાયમેટ એક્શન, ટકાઉ જળસંસાધન, ટકાઉ જમીન સંસાધન, શાંતિ, ન્યાય અને મજબૂત સંસ્થાઓ, ધ્યેયો માટે ભાગીદારી"નો સમાવેશ થાય છે. આ બાબત ઉપરની આકૃતિમાં **a -b1- c- d-e**માં જોવા મળે છે. જેનો સંબંધ મુખ્ય આર્થિક વિચારધારા સાથે છે.

ગાંધી માનવીની સમસ્યાઓનો હલ કુદરતમાં છે તે અનુસંધાને લખે છે કે, "કુદરત દરરોજ એટલું ઉત્પન્ન કરે છે કે જેથી માણસ પોતાની જરૂરીયોત સંતોષી શકે પ્રત્યેક વ્યક્તિ પોતાની કુદરતી જરૂરીયાતો પૂરતું લઇ લે ને બાકીનું બીજા માટે છોડી દે તો આ પૃથ્વી પર કોઇ નિર્ધન કે ભૂખ્યો રહે નહી." (ગાંધી-૧૯૩૦)આ બાબત સંપોષિત વિકાસ સાથે

સંકળાયેલ છે. ગાંધી વિચારધારા ગ્રામીણ પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રામસ્વરાજના સિદ્ધાંતો પર આધાર રાખે છે. જે અંતર્ગત જરૂરીયાતો પર અંકુશ, આર્થિક સમાનતા, વિકેન્દ્રીકરણ, યંત્રોનો મર્યાદિત ઉપયોગ, સ્વદેશી અને સ્વાવલંબન, વાલીપણાનો ખ્યાલ અને નૈતિકતા પર આધાર રાખે છે. આમ, ગાંધી વિચારધારા પ્રમાણે ગ્રામીણ પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રામવિકાસની પ્રવૃતિ પર ભાર મૂકવામાં આવ્યો છે. આકૃતિમાં જે બાબત a-b2-e માં જોવા મળે છે.

ગાંધીવિચારને આધારિત ગ્રામીણ પ્રશ્નોનું નિરાકરણ કરતી અને ગ્રામવિકાસ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ આજે પણ દેશમાં કામ કરી રહી છે. ગુજરાતમાં સર્વોદય મંડળ થકી કે ગાંધી ચિંધ્યા માર્ગે કેટલીક સંસ્થાઓ અને કેટલાક કર્મશીલો મહેસાણા, વડોદરા, વલસાડ, સાબરકાંઠા, ભાવનગર, કચ્છ, રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, ભરૂચ, ખેડા, સુરત, અમરેલી, બનાસકાંઠા, ડાંગ, જૂનાગઢ, જામનગર વગેરે જેવા જુદા જુદા જિલ્લાઓમાં કાર્યરત છે.

**4. અભ્યાસના ઉદ્દેશો**

(1) ગ્રામીણ વિકાસમાં રાજ્ય અને ગાંધીવિચારનું યોગદાન અને પ્રાપ્ય પરિણામોનો અભ્યાસક્ષેત્રના સંદર્ભે અભ્યાસ કરવો.

(2) ગ્રામીણ સમસ્યાઓનાં નિરાકરણ માટે ગાંધીવિચાર આધારિત કામ કરતી રચનાત્મક સંસ્થાઓની કામગીરીનો અભ્યાસ કરવો.

(3) ગાંધીવિચાર થકી સંપોષિત વિકાસ શક્ય છે કે કેમ તેની તપાસ કરવી.

**5. અભ્યાસક્ષેત્ર અને નિદર્શની પસંદગી**

પ્રસ્તુત અભ્યાસ માટે ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી ગાંધી ચિંધ્યા માર્ગે ગ્રામવિકાસની આર્થિક કામગીરી કરતી હોય તેવી રચનાત્મક સંસ્થાઓની પસંદગી કરવામાં આવી છે. જે માટે Judgmental Sampling (નિર્ણાયક નિદર્શન)ના આધારે ગ્રામવિકાસના કામ કરતી રચનાત્મક સંસ્થાઓ અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરેલ છે. સંસ્થાની પસંદગી કરતી વખતે ગાંધીના રચનાત્મક પ્રયોગને ધ્યાને લઈ સંશોધકે તજજ્ઞો સાથે વિચારવિમર્શ કરી સંસ્થાઓની પસંદગી કરેલ છે.

ગુજરાતને મહેસૂલી રીતે કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત આમ પાંચ ભાગમાં વિભાજિત કરવામાં આવેલ છે. આ દરેક વિભાગમાંથી ગાંધી ચિંધ્યા માર્ગે ગ્રામવિકાસની પ્રવૃતિ કરવામાં સૌથી અગ્રેસર હોય તેવી સંસ્થાની પસંદગી અહીં કરેલ છે જે નીચે મુજબ છે.

**સારણી- 3 અભ્યાસક્ષેત્ર તરીકે પસંદ કરેલ સંસ્થાઓ**

| ક્રમ | વિસ્તાર | પસંદ કરેલ સંસ્થાનું નામ |
|---|---|---|
| 1 | કચ્છ | ગ્રામ સ્વરાજ સંઘ, નિલપર |
| 2 | સૌરાષ્ટ્ર | સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્ધાર ટ્રસ્ટ, ગઢડા |
| 3 | ઉત્તર ગુજરાત | લોકનિકેતન, રતનપુર |
| 4 | દક્ષિણ ગુજરાત | સર્વોદય આશ્રમ, પીંડવળ |
| 5 | મધ્ય ગુજરાત | સર્વોદય આશ્રમ, ગુંદી |

**6. સંસ્થાની કામગીરીનો પરિચય**

અભ્યાસક્ષેત્ર માટે પસંદ કરેલ સંસ્થાઓ ગ્રામસ્વરાજ સંઘ-નીલપર, લોકનિકેતન-રતનપુર, ભાળ નળકાંઠા પ્રાયોગિક સંઘ-ગુંદી, સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્ધાર ટ્રસ્ટ-ગઢડા અને સર્વોદય આશ્રમ-પીંડવળ સંસ્થાઓની વિગતવાર રજૂઆત કરવામાં આવેલ છે.

**સારણી- 4 સંસ્થાઓની કામગીરીનો પરિચય**

| ક્રમ | સંસ્થાનું નામ | સ્થાપના | ઉદ્દેશો | કાર્યો |
|---|---|---|---|---|
| 1 | ગ્રામ સ્વરાજ સંઘ, નીલપર | 1978 | ➢ ગામડું સાચા અર્થમાં સ્વરાજ ભોગવતું થાય તે માટે લોકજાગૃતિ લાવવી અને લોકશક્તિનો વિકાસ કરવો.<br>➢ આ વિસ્તારના લોકોને પગભર કરવા.<br>➢ ગ્રામ સ્વરાજના ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને સર્વોદયની ભાવનાથી રચનાત્મક, શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા અન્ય અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા લોકોનો સર્વાંગી વિકાસ સાધવો અને અહિંસક સમાજ સ્થાપિત કરવાનો સક્રિય પ્રયત્ન કરવો.<br>➢ પર્યાવરણ સુરક્ષા માટે સક્રિય પ્રયત્નો કરવા.<br>➢ સંસ્થાના કાર્યક્ષેત્રમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સંસ્કાર ઘડતરનું કાર્ય કરવું. | ➢ અતિવૃષ્ટિ રાહત પ્રવૃત્તિ દુષ્કાળ રાહત પ્રવૃત્તિ ઢોરવાડો<br>➢ પિયત પાણી વ્યય અટકાવ કાર્યક્રમ<br>➢ નિર્ધૂમ ચૂલા<br>➢ સુલભ શૌચાલય<br>➢ ગ્રામીણ સ્વરોજગાર યોજના<br>➢ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, નીલપર<br>➢ સુશીલ શિશુ શાળા, નીલપર<br>➢ આશ્રમશાળા, વલ્લભપર<br>➢ કુમાર અને કન્યા છાત્રાલય, નીલપર તથા વલ્લભપર<br>➢ મોરબી પૂર રાહત<br>➢ દારૂબંધી આંદોલન, રતનપર-રાજસ્થાન સરહદ<br>➢ અનામત આંદોલન, અમદાવાદ<br>➢ અણુબોમ્બ વિરોધ દિન, સુરત<br>➢ કોમી વિવાદ શાંતિ પ્રયાસ, ભૂજ<br>➢ પંજાબ શાંતિયાત્રા, પંજાબ<br>➢ ગાંધીનો પડકાર પદયાત્રા, કચ્છ<br>➢ સાયકલોન સહાય પ્રવૃત્તિ, કચ્છ<br>➢ ભૂકંપ રાહત પ્રવૃત્તિ, કચ્છ<br>➢ સુનામી રાહત યોજના, તમિલનાડુ<br>➢ સુલભ ગ્રામ આવાસ યોજના<br>➢ કચ્છ ભૂકંપ રાહત પ્રવૃત્તિ<br>➢ જે. પી. આવાસ યોજના<br>➢ બાળ સંરક્ષણ પ્રવૃત્તિ<br>➢ વરસાદના વહી જતાં પાણીના સંગ્રહની વ્યવસ્થા<br>➢ પર્યાવરણ સુરક્ષા- વૃક્ષારોપણ કાર્યક્રમ<br>➢ કચ્છ દુષ્કાળ રાહત કાર્યક્રમ<br>➢ રમત-ગમત ક્ષેત્રે<br>➢ સ્કીલ ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ➢ સેવાકીય પ્રવૃત્તિઓ<br>➢ સંસ્થા સંચાલિત સ્ટેપ પ્રોજેક્ટ |
| 2 | લોકનિકેતન, રતનપુર | 19 જૂન 1961 | **વિઝન**<br>• ગ્રામીણ સમુદાયોમાં શિક્ષણ અને માનવ વિકાસ માટે નેતૃત્વ અને પ્રેરણા આપવા.<br>**મિશન**<br>• શૈક્ષણિક, સહ-અભ્યાસક્રમ અને વધારાની અભ્યાસેતર પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાનને આગળ વધારવા અને મજબૂત મૂલ્ય આધાર સાથે શીખનારના વ્યક્તિત્વને વિકસાવવો.<br>• સંસ્થા સિદ્ધાંત અને વ્યવહારુ વચ્ચે સંતુલન જાળવવા માટે પ્રતિબદ્ધ છીએ. તે શીખનારાઓને જ્ઞાન અને અનુભવ મેળવવાની સવલતનો પ્રયાસ કરીએ છીએ, જેનાથી તેઓ અર્થપૂર્ણ વ્યક્તિગત વિકાસ અને સમાજના સુખાકારીને મોટા પાયે પ્રાપ્ત કરી શકે છે. | **1. શિક્ષણ સંકુલો**<br>➢ મહાવિદ્યાલય, રતનપુર<br>➢ એમ.આર.એસ, રતનપુર<br>➢ એમ. એસ. ડબ્લ્યુ, રતનપુર<br>➢ બી.એડ કોલેજ, રતનપુર<br>➢ વિનયમંદિર, રતનપુર<br>➢ કન્યાવિદ્યાલય, રતનપુર<br>➢ આશ્રમશાળા, રતનપુર<br>➢ વિનયમંદિર, વિરમપુર<br>➢ આશ્રમશાળા, વિરમપુર<br>➢ કેન્દ્રિય આશ્રમ શાળા, વિરમપુર<br>➢ વિનયમંદિર, ડાંગીયા<br>➢ વિનયમંદિર, સામઢી<br>➢ વિનયમંદિર, ઢુવા<br>➢ વિનયમંદિર, લવાણા<br>➢ વિનયમંદિર, મીઠી પાલડી<br>➢ વિનયમંદિર, પાડણ<br>➢ આશ્રમશાળા, સેંબલપાણી<br>➢ આશ્રમશાળા, કુંવાળા<br>**2. છાત્રાલય સંકુલો**<br>➢ કુમાર છાત્રાલય, રતનપુર<br>➢ કન્યા છાત્રાલય, રતનપુર<br>➢ બક્ષીપંચ કન્યા છાત્રાલય, રતનપુર<br>➢ બક્ષીપંચ કુમાર છાત્રાલય, રતનપુર<br>➢ કુમાર છાત્રાલય, વિરમપુર<br>➢ કુમાર છાત્રાલય, વાવ<br>➢ કુમાર છાત્રાલય, ભાભર<br>➢ કુમાર છાત્રાલય, લવાણા<br>**3. ખેતી ઉદ્યોગની પ્રવૃત્તિ**<br>➢ મહાવિદ્યાલય, રતનપુર<br>➢ વિનયમંદિર, રતનપુર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ➢ વિનયમંદિર, વિરમપુર<br>➢ વિનયમંદિર, લવાણા<br>➢ વિનયમંદિર, પાલડી<br>➢ વિનયમંદિર, મલાણા<br>➢ વિનયમંદિર, ઢુવા<br>➢ વિનયમંદિર, સામઢી<br>➢ વિનયમંદિર, ડાંગીયા<br>➢ વિનયમંદિર, કુંવાળા<br>➢ વિનયમંદિર, પાડણ<br>➢ આશ્રમશાળા, સેંબલપાણી<br>➢ કુમાર છાત્રાલય, ભાભર<br>➢ કુમાર છાત્રાલય, વાવ<br>**4. <u>ગૌશાળાની પ્રવૃત્તિ</u>**<br>➢ ગૌશાળા, રતનપુર<br>➢ ગૌશાળા, વિરમગામ |
| 3 | ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ, ગુંદી | 1943 | ➢ સત્તા અને સંપત્તિથી પ્રભાવિત થયા વિના ફક્ત નૈતિકતાના ધોરણે જ સમાજરચના કરવી.<br>➢ સમાજનાં તમામ શુભબળોનું સંકલન અને અનુબંધ કરવું.<br>➢ તે સિદ્ધ કરવા વહીવટીતંત્ર ઉપર આધાર રાખ્યા વિના, લોકશક્તિ જાગ્રત કરવાના તમામ ક્ષેત્રે પ્રયાસો કરવા.<br>➢ તે પ્રમાણે પ્રયોગાત્મક અને વૈજ્ઞાનિક ધોરણે ચાલે તેવી સંસ્થાઓની સ્થાપના અને સંચાલન કરવું. | ➢ પાણીની સમસ્યા<br>➢ સમુદાય વિકાસ<br>➢ ખેતી વિષયક વિવિધ કામગીરીઓ<br>➢ ભૂદાન ચળવળમાં ભાગીદારી<br>➢ શહેરી સંસ્થાની રચના<br>➢ લોકજાગૃતિ<br>➢ ખાદી<br>➢ લોકભાગીદારી<br>➢ આર્થિક પ્રવૃત્તિઓ<br>➢ સર્વોદય યોજના<br>➢ રોજગારી સર્જન<br>➢ શિક્ષણ |
| 4 | શ્રી સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્ધાર ટ્રસ્ટ, ગઢડા | 1948 | ➢ સૌરાષ્ટ્રની ગરીબ ગ્રામપ્રજાને રાહત આપવા તથા તેમની સેવા કરવા માટે જરૂરી તમામ સાધનોનો ઉપયોગ કરવો. આ માટે ગ્રામ પુનર્રચના અને પુનર્ગઠન માટે ગ્રામોદ્યોગોને પુનર્જીવિત કરવા તથા તેમાં સુધારણા કરવી અને તેમને ઉત્તેજન આપવું તથા આ પ્રજાની નૈતિક, શૈક્ષણિક અને શારીરિક પ્રગતિ માટે જરૂરી પ્રવૃત્તિઓ હાથ પર લેવી અને ગ્રામપ્રજાના કલ્યાણની આ | ➢ ખાદી ઉત્પાદન અને વેચાણ<br>➢ અખાદ્ય તેલ, સાબુ ઉત્પાદન અને વેચાણ<br>➢ હાથકાગળ ઉત્પાદન અને વેચાણ<br>➢ સુથારી વિભાગ<br>➢ લુહારી વિભાગ<br>➢ તેલઘાણી વિભાગ<br>➢ ખેતી વિભાગ<br>➢ ગૌશાળા વિભાગ<br>➢ મસાલા વિભાગ<br>➢ બિનપરંપરાગત ઊર્જાનાં |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પ્રવૃતિઓની સિદ્ધિ માટે પ્રયત્નશીલ થવું.<br>➢ ઉપરોક્ત પ્રવૃત્તિઓ કરવા, જરૂરી વ્યક્તિઓને માટે તાલીમની વ્યવસ્થા કરવી.<br>➢ ઉપરોક્ત હેતુ સિદ્ધ કરતી હોય તેવી અત્યારે અસ્તિત્વ ધરાવતી કોઈ પણ સંસ્થાને મદદ કરવી કે ગ્રાન્ટ આપવી.<br>➢ ઉપરોક્ત હેતુ સિદ્ધ કરવા જતાં તે હેતુને પૂરક એવી કોઈ પણ આનુષંગિક પ્રવૃત્તિ હાથ ધરવી. | સાધનો<br>➢ બાયો પેસ્ટીસાઈડ્ઝ<br>➢ બાલમંદિર<br>➢ જીવનશાળા(ધો. 8 થી 10) ગઢડા<br>➢ (હાલ-ગોપાલધામ)<br>➢ જીવનશાળા આંબરડી(જામનગર)<br>➢ આશ્રમશાળા (ધો. 1 થી 7) ગોપાલધામ<br>➢ જે. સી. કુમારપ્પા મહાવિદ્યાલય સ્નાતક વિભાગ, ગઢડા<br>➢ જે. સી. કુમારપ્પા મહાવિદ્યાલય M.S.W વિભાગ, ગઢડા<br>➢ ખાદી હાટ, મુખ્ય બજાર, ગઢડાની સ્થાપના<br>➢ ખાદી ભંડાર, સંસ્થાના પ્રાગણમાં, ગઢડાની સ્થાપના<br>➢ ગ્રામલક્ષ્મી ખાદી ભંડાર, જસદણની સ્થાપના<br>➢ ખાદી ગ્રામોદ્યોગ ભવન, બોટાદ, એવર ગેટની સ્થાપના<br>➢ ખાદી ભંડાર, બરવાળા અને ખાદી ભંડાર, પાળિયાદની સ્થાપના<br>➢ ગ્રામશિલ્પ ખાદી ભંડાર, રાજકોટની સ્થાપના<br>➢ ગઢડા ખાદી ભંડાર, અમદાવાદની સ્થાપના<br>➢ ગ્રામ સ્વરાજ શિક્ષણ કેન્દ્ર, ગોપાલધામની સ્થાપના<br>➢ રોજમાળ ગામે ગ્રામોદ્યોગની તાલીમ આપવા માટે ગ્રામ ઈજનેરી વિદ્યાલયની સ્થાપના કરી.<br>➢ કુમાર છાત્રાલયની સ્થાપના કરી.<br>➢ નાના ઝીંઝાવદરમાં-25, |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ભીમડાદમાં-39, ધ્રુફણિયામાં-66, કેરાળામાં-48, પીંપળમાં-20, તતાણામાં-37, હરિપરામાં-28 અને રતનપરમાં-59 આમ કુલ 8 ગામોમાં 322 જળસંગ્રહના કામો થયેલ હતા.<br>➢ ઉક્ત આઠેય ગામોમાં 20,000 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.<br>➢ ગૌશાળા અને તેની પ્રવૃત્તિ.<br>➢ ઓજારો, સિંચાઈ, જળ વ્યવસ્થાપન, સ્રાવ કૂવા તથા ખેતીશિક્ષણની કામગીરી.<br>➢ આરોગ્ય તપાસ અને કેમ્પ કરવા.<br>➢ 3500 જેટલા શૌચાલયો સંસ્થા દ્વારા ગામલોકોને બાંધી આપવામાં આવેલ છે.<br>➢ અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી તેમજ લોકજાગૃત્તિ માટેની પ્રવૃત્તિઓ.<br>➢ દુષ્કાળ સમયે રેંટિયા દ્વારા રોજીનું સર્જન.<br>➢ દુષ્કાળમાં કપાસના કાલા ફોલાવવાના કામ દ્વારા 2000 લોકોને રોજગારી પૂરી પાડી.<br>➢ બિહારના દુષ્કાળમાં મદદ કરવી.<br>➢ મોરબી જળહોનારતમાં મદદ કરવી.<br>➢ જૂનાગઢ પાસેના શાપુર ગામ ઓઝત નદી રેલાવાથી થયેલ જળબંબાકારમા મદદ<br>➢ છાસનું વિતરણ કરવું.<br>➢ દુષ્કાળમાં ઢોરવાડા ચલાવવામાં આવ્યા. |
| 5 | **સર્વોદય પરિવાર ટ્રસ્ટ, પીંડવળ** | ૧૯૭૫ | ગાંધીનું તાવીજ<br>"હું તમને એક તાવીજ આપું છું. ક્યારેક તમને શંકા થાય કે અહમ તમને પીડવા માંડે, ત્યારે તમે જે ગરીબમાં | ➢ દાક્તરી સારવાર<br>➢ ખાવાને ધાન-અનાજ બેન્ક<br>➢ માથે છાપરું<br>➢ ખાદીની પ્રવૃત્તિ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગરીબ અને લાચારમાં લાચાર મનુષ્ય જોયો હોય, તેનો ચહેરો યાદ કરીને તમારી જાતને પૂછો કે તું જે પગલું ભરાવાનું વિચારે છે, તે આ મનુષ્ય માટે કોઈ કામનું છે? શું આનાથી એને કોઈ લાભ થશે? શું આનાથી આપણા દેશના કરોડો ભૂખ્યાં પેટ અને ક્ષુબ્ધ આત્માવાળા લોકોને સ્વરાજ મળશે? ત્યારે શંકાઓ ને અહમ ગાયબ થઈ રહ્યા છે."<br>આને કેન્દ્રમાં રાખી કામ કરે છે. | ➢ શિક્ષણની પ્રવૃત્તિ<br>➢ આરોગ્યની પ્રવૃત્તિ<br>➢ ખેતી વિકાસ<br>➢ નર્સરી (ગ્રામવન)<br>➢ વ્યવસાય માટે મદદ<br>➢ અન્ય<br>➢ પશુપાલન<br>➢ તાલીમ<br>➢ ધરમપુરમાં ઈતર કાર્યક્રમો |

આમ, સારણીમાં દર્શાવ્યા મુજબ આ પાંચ સંસ્થાઓ વિવિધ ગ્રામવિકાસની પ્રવૃત્તિ કરી રહી છે. આ સંસ્થાઓની કામગીરી ગાંધીના રચનાત્મક કાર્યક્રમો સાથે જોડવામા આવે તો કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી, ખાદી, બીજા ગ્રામઉદ્યોગો, ગામ સફાઈ, નઈ તાલીમ અથવા પાયાની કેળવણી, પ્રૌઢશિક્ષણ, સ્ત્રીઓ, તંદુરસ્તીના નિયમોની કેળવણી, આર્થિક સમાનતા, કિસાનો, મજૂરો, આદિવાસીઓ, વિદ્યાર્થીઓનો સમાવેશ થાય જ છે તે ઉપરાંત પશુપાલન અને રાહતકાર્યને આવરી લેવામાં આવેલ છે.

7. વિહંગાવલોકન

ગાંધીવિચાર આધારીત સંપોષિત વિકાસ શક્ય છે કે કેમ તેની પૂર્તતા ગાંધીએ રજૂ કરેલ ખ્યાલમાં જોવા મળે છે. જેમાં આર્થિક, સામાજિક અને પર્યાવરણીય બાબતો સમાવેશ થાય છે. તે ઉપરાંત ગાંધીએ એક ડગલું આગળ વધી નૈતિકતા સંપોષિતતાની રજૂઆત કરી છે. આ દ્રષ્ટિએ જોતા ગાંધી વિચારધારા વર્તમાન આર્થિક વિચારધારા કરતા પણ ચઢિયાતી છે. ઘણાં નિષ્ણાંતો કહે છે કે, ગાંધીની વિચારધારા આદર્શતાના પાયા પર રચાયેલ છે તે વર્તમાનમાં અમલ મૂકી શકાતી નથી પણ આ વાત યથાર્થ યોગ્ય નથી કેમકે આજે પણ ઘણા કિસ્સાઓમાં ગાંધીના રજૂ કરેલ વિચારો ઉપયોગી સાબિત થાય છે અને જે પૈકીનો એક વિચાર કુદરત અને માનવી વચ્ચેનો સંબંધ છે. બીજુ કે આ વિચારસરણીને અમલમાં મૂકી હાલમાં પણ કેટલીક સંસ્થાઓ અને કર્મશીલો સમાજના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરી રહી છે જે હેઠળની સંસ્થાઓનો સમાવેશ અભ્યાસક્ષેત્રમાં કરવામાં આવેલ છે.

સંસ્થાઓ થકી આર્થિક, સામાજિક, માળખાકીય અને પર્યાવરણીય જે કામગીરીઓ કરવામાં આવી રહી છે, અને તેના આધારે કહી શકાય કે અભ્યાસક્ષેત્રમાં આર્થિક, સામાજિક અને પર્યાવરણીય સંપોષિતતાનું સર્જન થવા પામ્યુ છે. સંપોષિતતાનો પરિપ્રેક્ષ્ય નૈતિક છે અને સંસ્થાઓએ પણ નૈતિક સંપોષિતતા સિદ્ધ કરી છે પણ ગાંધીની નૈતિકતાની બાબતે તેમનો પનો ટૂકો પડ્યો છે. ગાંધીવિચાર આધારિત સંપોષિતતાની કેટલીક મર્યાદાઓ છે જે નીચે મુજબ છે.

- ગાંધીવિચારમાં સંપોષિત વિકાસ છે કે સંપોષિત વિચારના પાયામાં ગાંધીવિચાર છે આ બન્ને મુદ્દે શું સાચું છે તેનું સ્પષ્ટ કરવું મુશ્કેલ છે.
- ગાંધીવિચારની જ્યારે વાત થાય છે ત્યારે ગ્રામસ્વરાજની વાત થાય છે હાલમાં વિશ્વ શહેરી વિકાસ તરફ એ ગતિએ વધ્યુ કે તેની ગામ તરફ પાછા વાળવું અશક્ય છે.
- ગાંધીએ શહેરો સંપૂર્ણ રીતે અવગણ્યા છે માટે તેના દ્વારા ઉદભવતી સમસ્યાઓના હલ વિશે કોઈ માર્ગ દર્શાવ્યો નથી.
- જે વ્યક્તિ આર્થિક કે સામાજિક રીતે પીડાઈ રહ્યો છે તેની પાસે શું સારુ કે ખોટું તેવી વાતો કરવી ઈચ્છનીય નથી.

- જે લોકો આર્થિક રીતે સંપોષિત થાય છે તેની આવનાર પેઢીને આર્થિક સમસ્યાઓનો હલ જતો હોવાથી તે પેઢી પર્યાવરણનું જતન કરશે કે નુકસાન તે સ્પષ્ટ કહી શકાય નહી.
- માનવીએ પોતાની સવલતો ભોગવવા કુદરતને નેવે મૂકી છે તે ગાંધીવિચાર કે સંપોષિતતાનો વિચાર કરે કે કેમ તે બાબત શંકાસ્પદ છે.
- ગુજરાતમાં જુજ સંસ્થાઓ એવી છે જે ગાંધીવિચાર અને સંપોષિત વિકાસના આધારે કામ કરી રહી છે તે વિસ્તારોમાં જે આ બાબત સાર્થક થઈ જાય તો બીજા વિસ્તારો કે જેમની વિચારસરણી કુદરતના ભોગવિલાસની છે તેનો ઉપજાવે સમસ્યાઓનો સામનો તો બધાએ જ કરવો પડશે.

એક રીતે જોઈએ તો સંપોષિત વિકાસનો વિચાર દાહપણ ભર્યો છે જ્યારે બીજી તરફ તેની શક્યતાઓ કેટલી તે બાબતે વાંધા છે. બીજુ કે વિશ્વ જે સંપોષિતતાની વાત કરી રહ્યો છે તેમાં તે કુદરતને એટલું પ્રતિનિધિત્વ નહી આપતો જેટલું ગાંધીએ એના વિચારમાં આપ્યો હોય. આમ, ગાંધીવિચારનો જો અમલ થતો થઈ જાય તોપણ સંપોષિત વિકાસ હાંસલ થઈ જાય પણ તેની સંભાવના નહિવત છે.

**સંદર્ભ**


- આયંગર, સુદર્શન (2008). *ગાંધી પરિપ્રેક્ષ્યમાં સ્વાતંત્ર્ય અને વ્યક્તિવાદ: સમાજની સંપોષિતતા માટેના સૂચિતાર્થો.* અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
- ઓઝા, ગંગારામભાઈ. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માળા મણકો-૧૯ ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ.* અમદાવાદ: નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.
- કોઠારી, વિઠ્ઠલદાસ અને પટેલ અંબાલાલ. (૧૯૯૭). *ગાંધીજીનું અર્થદર્શન. ગૂજરાત વિદ્યાપીઠ.* અમદાવાદ.
- કુરેશી, મોહંમદસઈદભાઈ. (૨૦૧૭, એપ્રિલ-મે). ગાંધીના આર્થિક વિચારના પ્રેરણામોર્તિઓ અને વિચારકો. *KCG-Portal of Journals* (૨૬).
- ગાંધી મોહનદાસ. (૧૯૪૧). *રચનાત્મક કાર્યક્રમ તેનું રહસ્ય અને સ્થાન નવજીવન પ્રકાશન મંદિર.* અમદાવાદ.
- ગાંધી, મોહનદાસ.(1930). *અક્ષરદેહ. ભાગ-44. નવજીવન પ્રકાશન.* અમદાવાદ. પાના નં.103.
- ગાંધી, મોહનદાસ કરમચંદ(૧૯૨૭), *સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન મંદિર,* અમદાવાદ.
- ગાંધી, મોહનદાસ કરમચંદ (૧૯૨૨), *હિંદ સ્વરાજ, નવજીવન,* અમદાવાદ.
- દેસાઈ નારાયણભાઈ(૨૦૧૪), *સૌના ગાંધી રચનાત્મક કાર્યક્રમ, ગૂજરાત વિદ્યાપીઠ,* અમદાવાદ.
- ચાવડા, હઠીસિંહ., & દલપતભાઈ, પરમાર. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માળા મણકો- ૨૩ લોકનિકેતન રતનપુર.* અમદાવાદ: નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.
- પ્રભુ આર. કે. અને યૂ.આર. રાવ(સં) (1967), *અપરિગ્રહ, મહાત્મા ગાંધીના વિચારો, નવજીવન ટ્રસ્ટ,* અમદાવાદ, પાના. નં. 175.
- પ્રભુ, આર.કે(સં)(1963), *મારા સ્વપ્નનું ભારત, નવજીવન,* અમદાવાદ.
- પાઠક રામનારાયણ(૧૯૭૦), *ગુજરાતમાં રચનાત્મક સંસ્થાઓ અને સેવકો, ગુજરાત ગાંધી સ્મારક નિધિ,* અમદાવાદ.
- રમેશભાઈ સંઘવી. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માળા મણકો-૧૧ ગ્રામ સ્વરાજ સંઘ નીલપર.* અમદાવાદ: ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.
- વ્યાસ કોકિલાબેન. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માળા મણકો-૨૧ બુનિયાદી પ્રયોજના ધરમપુર.* અમદાવાદ: ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.

- શાહ, દશરથલાલ. (૧૯૮૮). *રચનાત્મક કાર્યક્રમ આજના સંદર્ભમાં.* અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર.
- શુકલ, છેલાભાઈ. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માણા મણકો-૧૪ સૌરાષ્ટ્ર ગાંધીજી ગ્રામોદ્ધાર ટ્રસ્ટ ગઢડા.* અમદાવાદ: ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.
- સલ્લા, મમસુખભાઈ. (૨૦૦૧). *ગુજરાત નઈ તાલીમની સંસ્થાઓની પરિચય માણા મણકો-૧૮ લોકભારતી સણોસરા.* અમદાવાદ: ગુજરાત નઈ તાલીમ સંઘ, ગૂજરાત વિદ્યાપીઠ.